स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर.....
सी. ई. आर. सी. के साथ

Consumer Education & Research Centre
Ahmedabad, Gujarat
www.cercindia.org
Helpline : 1800 233 0222

# CERC – ENVIS Centre


## Consumer Education and Research Centre

"Suraksha Sankool", S. G. Highway, Thaltej, Ahmadabad – 380 054
Tel: 079 27489945/46, 27450528, 27438752/3/4
Fax: 079-27489947 Email: cerc-env@nic.in, cerc@cercindia.org
Website : www.cercenvis.nic.in, www.cercindia.org


Environmental Information System
India




વિશ્વ ફલક ઉપર સ્વચ્છતા સુધારણા ક્ષેત્રના પ્રયત્નોની ગતિ વધારવા અને સ્વચ્છતા વ્યવસ્થા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા, ભારતના પ્રધાનમંત્રીશ્રીએ ૨ ઓકટોબર ૨૦૧૪ના રોજ ``સ્વચ્છ ભારત અભિયાન``ની શરૂઆત કરી.

ભારત સરકારનો મુખ્ય હેતુ, ૨જી ઓકટોબર ૨૦૧૯ ના રોજ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજ્યંતિ સુધીમાં શહેરોમાં ૧૨ કરોડ શૌચાલયોનું નિર્માણ કરી, ``જાહેર મળોત્સર્જન ક્રિયા મુક્ત ભારત`` બનાવવાની સિધ્ધિ હાંસલ કરવાનું છે. ગરીબી રેખાની નીચે સમાવિષ્ટ પરિવારો માટે શૌચાલયો બનાવવા ભારત સરકારે દરેક શૌચાલયના નિર્માણ દિઠ રૂ. ૧૨,૦૦૦ ફાળવ્યા છે.

જીલ્લા કલેકટર / મેજેસ્ટ્રેટ / જીલ્લા પરિષદના મુખ્ય અધિકારીએ આ યોજનાના ધ્યેયને સાકાર કરવા માટે મોટા પાયે આયોજન કર્યું અને સરસાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કર્યો.

ગ્રામ પંચાયતોએ આ અભિયાનનો અમલ કરી અને શૌચાલયોના નિર્માણમાં ભાગ લઇ રહ્યા છે તેમજ, સ્વચ્છ પર્યાવરણની જાળવણીનો વિચાર કરી કચરાના સલામતિભર્યા નિકાલની વ્યવસ્થા કરી રહ્યા છે.

**નીચેના પરિમાણોમાં સમાવિષ્ટ થતા ઘરોને અગ્રતાના ધોરણે આ કાર્યક્રમ અંતર્ગત સમાવી લેવામાં આવ્યા.**

- નિવૃત્તિ વેતન મેળવનાર વયોવૃધ્ધ / નિવૃત્તિ વેતન મેળવનારા વિધવા કે વિધુર વ્યક્તિઓ / નિવૃત્તિ વેતન મેળવનાર દિવ્યાંગ વ્યક્તિઓ ``રાષ્ટ્રીય સમાજ સહાય કાર્યક્રમ`` (NSPA) ના લાભાર્થીઓ.
- કેન્દ્ર સરકારના માતૃ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સમાવિષ્ટ ગર્ભવતિ મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓ.
- રાજ્ય સરકારો, જેમાં રાષ્ટ્રીય શહેરી સ્વાસ્થ્ય અભિયાન અંતર્ગત જનની સુરક્ષા યોજનાનો સમાવેશ થાય છે.
- કન્યાઓના લાભ માટેની કોઇ પણ યોજનાઓ અંતર્ગત સમાવિષ્ટ કન્યાઓ.

વ્યક્તિગત ધોરણે પણ ઘરમાં શૌચાલયો બાંધવા નાણાંકિય મદદ મેળવી શકાય છે. તેઓ બિન રાજકિય સંસ્થાઓ (NGO) ના પ્રસાર માધ્યમો અને સ્વયં સેવી સંસ્થાઓ કે જેમાં, નાબાર્ડ જેવી સંસ્થાઓ અને બેંક જેવી અન્ય નાણાંકીય સંસ્થાઓનો સંપર્ક કરી શકે છે.

**શહેરી વિકાસ મંત્રાલયે** એક વેબસાઇટ તૈયાર કરી છે. http:/swachhbharturban.gov.in જેના થકી, રાજ્ય, જીલ્લા અને વહિવટી વિભાગોની માહિતી મેળવી શકાય છે. આ સુવિધા થકી સંપર્ક અધિકારીની માહિતી અને ક્યા સંપર્ક કરવો તે અંગેની વિગતો પુરી પાડવામાં આવે છે. આ વેબસાઇટ ``સ્વચ્છ ભારત અભિયાન`` અંગેના માર્ગદર્શનની માહિતી આપે છે.